
રાષ્ટ્ર

બાળપોથી



सारे जहांसे अच्छा हिंदोस्तां हमार

મંગળદાસ હરકીશનદાસ—સુરત.

કિંમત રૂ. ૦-૧-૦

૭૯૪૨૮

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक वर्गांक

पुस्तकनुं नाम

विषय

રાષ્ટ્રીય

બાળપોથી

લેખક

ડૉકટર એમ. કે.

એલ એમ એન્ડ એસ.

સુરત

પ્રકાશક

મંગળદાસ હરકીશનદાસ

બુકસેલર—સુરત

૧૯૨૪

રાષ્ટ્રીય શિક્ષણમા મદદ કરવા આ નમ્ર યત્ન કર્યો છે

કવિતાઓ માટે તેમના કર્ત્તાઓનો આભાર માનવામા આવે છે

૧૧૪૨૯

ગુજરાતી રાષ્ટ્રીય વાચનમાળા તથા તેના અર્થો વગેરે
છાપવા, છપાવવાના સર્વે હક્કો પ્રકાશકે સ્વાધીન રાખ્યા છે

સુરત
ચોટાના પૂલ ઉપર આવેલા "સુરત સિટિ" પ્રિન્ટિગ પ્રેસમા
ઠાકોરદાસ માનસિંહે છાપી

રાષ્ટ્રીય


બાળપોથી


ન  નગારૂં

મ  મગર

ભ  ભમરડો

ત  તરવાર


લ  લખોટા

ગ  ગધેડું

જ  જમરૂખ

ઝ  ઝભલું


ર  રથ

સ  સસલું

શ  શહામૃગ


ચ  ચકલી

વ વહાણ




પ પતંગ

દ દરાખ



ઘ ઘર



ધ ધજા

ઉ ઉતરડ

છ  છત્રી

ઇ ઇયળ


ટ  ટટ્ટુ


ઢ  ઢાલ


ય  યતિ

થ  થડ


ડ  ડગલો

ઠ  ઠળીઓ

ક  કમળ

ફ  ફણુસ

હ  હરણુ

બ  બકરી

ખ  ખડીઓ

અ  અનનસ

ઈ ઊ ઋ ણ ષ ળ ક્ષ જ્ઞ

સ્વર

અ આ ઇ ઈ ઉ ઊ ઋ

એ ઐ ઓ ઔ અં અઃ

વ્યંજન

ક ખ ગ ઘ ઙ
ચ છ જ ઝ ઞ
ટ ઠ ડ ઢ ણ
ત થ દ ધ ન
પ ફ બ ભ મ
ય ર લ વ
શ ષ સ હ
ળ ક્ષ જ્ઞ

બારાખડી

ક કા કિ કી કુ કૂ

કે કૈ કો કૌ કં કઃ

શિક્ષકોને સૂચના–' ક ' ની બારાખડી પ્રમાણે ' જ્ઞ ' સુધી બધા અક્ષરોની બારાખડી બાળકો પાસે તૈયાર કરાવવી વચ્ચે કોઇક અક્ષરો બતાવી વચાવી ઓળખાવવી

૧૪૨૯

પાઠ પહેલો

વન	લખ	જળ	તલ
ખલ	નળ	મધ	નખ
નવ	કર	ઘર	મધ

રતન	મલમ	લગન
મગર	બળદ	કલમ
છગન	મગન	દમન
નગર	ટગર	ફરજ
ગગન	ફણુસ	જગન
હરણુ	ઝરણુ	કરણુ
મરણુ	હળદર	જણુસ
કરવત	અજગર	અહમદ

પાઠ બીજો

બા	જા	પા
ખા	મા	ના
કાકા	મામા	દાદા
મારા	તારા	રાજા
માસા	પાસા	બાબા
શાળા	બાળા	માળા
પાળ	લાળ	નાળ
બાલ	લાલ	પાલ
ચાર	લાચાર	સરકસ
દશરથ	મગદળ	સમાચાર

પાઠ ત્રીજો

એક	બે	હાર
બેન	પેન	તેને
મને	તને	લેખણુ
મારે	તારે	તમારે

પેલા કાકા આવે છે ?

હા, એ કાકા છે.

કાકા પાસે પેન છે.

લે, આ પેન લે.

એક બેનને આપજે.

બેન પાસે બે લેખણુ છે.

કાકા બાઉ આપશે ?

પાઠ ચોથો

નહિ ઘી બી પી

ખાટી ખાડી ખાદી

બારી જાળી સારી

સીસી લીસી અગાસી

કીડી બિલાડી આગગાડી

સચીનથી ગાડી નીકળી.

ઘી ઝટ ખાઈ જા.

પેલી બિલાડી આવી.

એને ઘી ભાવે છે.

એને ખીજવ નહિ.

એ તને નખ દેશે.

બિલાડીને ડીલે વાળ છે.

એને ચાર પગ છે.

પાઠ પાંચમો

જૂ	લૂ	ભૂ	બહુ
મનુ	ધનુ	ભાનુ	નાનુ
બાબુ	સાબુ	લાડુ	ચાકુ
વારૂ	વીરૂ	બાઉ	ઊન

કુમુદ આમ આવ.

મને ભૂખ લાગી છે.

લે, આ પુરી ખા ને ભૂ પી.

બા, સાડી લાવી છે.

ખાદીની સાડી સારી.

મને ખાદી બહુ ગમે છે.

બેન મને ફૂલ આપીશ?

ખાદીની કફની સારી લાગે છે.

પાઠ છઠ્ઠો

પૈસો તૈયાર કોટ સૌ

તારી કફની તૈયાર છે.

તેને પૈસા આપી આવ.

બા, હવે રોજ કફની પહેરીશ.

કાળો કોટ સારો નથી.

ટોપી પણ ખાદીની પહેરીશ.

હવે તો સૌ ખાદી પહેરે છે.

એ આપણા દેશની છે.

આપણા દેશની ચીજ વાપરવી.

મારે વૈદ પાસેથી દવા લેવી છે.

પૈસા આપીને દવા લાવીશ.

પાઠ સાતમો

રંગ બંગડી હું કેળું

જુઓ, આ છોકરો શું ખાય છે?
એ કેળું ખાય છે.
એ કેળાનો રંગ કેવો છે?
એનો રંગ પીળો છે.
તને કેળું ભાવે છે? હાજી.
આ કંકુનો રંગ કેવો છે?
એનો રંગ રાતો છે.
છોકરી બંગડી પહેરે છે.
બુલબુલ, તારી બંગડીનો રંગ કેવો છે?
એનો રંગ વાદળી છે.
તું બીજા રંગ જાણે છે? નાજી.
લાલ, પીળો ને વાદળી એ મૂળ રંગ છે.

પાઠ આઠમો

રાજા રામ રામ રામ
સીતા રામ રામ રામ.

બુલબુલ પાસે ઘેટું છે;
બરફ જેવું ઉજળું છે.
બુલબુલ જ્યાં જ્યાં ફરવા જાય;
ઘેટું તેની પાછળ જાય.
કોતર ખેતર વાડો માંય;
મારી ઠેકડા નાસી જાય.
બુલબુલને ઘેટું બહુ ગમે;
હસતાં હસતાં બંને રમે.

પાઠ નવમો

દૂધ મીઠું લાગે છે.

મરચું તીખું લાગે છે.

શેરડી ગળી લાગે છે.

કાચકો કડવો લાગે છે.

મીઠું ખારૂં હોય છે.

આમલી ખાટી હોય છે.

ગળી ચીજ સૌને ભાવે છે.

ઘણું ગળપણ ખાવાથી રોગ થાય છે.

તે રોગ વૈદ મટાડે છે.

વૈદને પૈસા આપવા પડે છે.

તે કડવાં ઓસડ પાય છે.

ત્યારે રોગ મટે છે.

પાઠ દશમો

મારે ઘેર રામની છબી છે.

તેને હું સવારે પગે લાગું છું.

પછી મારાં માબાપને નમું છું.

દરરોજ હું નિશાળે જાઉં છું.

મારી નિશાળમાં પાટલીઓ નથી.

અમે જાજમ પર બેસીએ છીએ.

નિશાળમાં અમારી છબી પડાવી હતી.

તેમાં મારી છબી સરસ પડી છે.

મારા કાળા વાળ સારા લાગે છે.

મેં ખાદીનાં કપડાં પહેરેલાં છે.

ગાંધીજી ખાદીના કપડાં પહેરવા કહે છે.

પાઠ અગીઆરમો

ગાય બરાડે છે.
ઘોડો ખોંખારે છે.
ગધેડું ભૂંકે છે.
કુતરો ભસે છે.
સિંહ ગર્જના કરે છે.
વાઘ ઘૂરકે છે.
બકરી બે બેં કરે છે.
કાગડો કા કા કરે છે.
કોયલ કુઊ કુઊ બોલે છે.
ચકલી ચક ચક કરે છે.
ઉંદર ચૂં ચૂં કરે છે.
મોર ટહુકા કરે છે.
પોપટ માણસના જેવું બોલે છે.
આગગાડી ફૂક ફૂક કરે છે.
વરસાદ ગાજે છે.
વીજળી ચમકે છે.

પાઠ બારમો

ગાય



ગાય, ગાય, આવ.
ગાયની જોડે વાછરડી પણ આવી.
બા, એ કેવી સુંદર છે ?
રંગે ધોળી ધોળી છે.
બા, એને પંપાળું ?
હા, પંપાળ.
બહુ સુવાળી લાગે છે.
જો, એ કેવી ધાવે છે ?
બા, આ ગાયનું દૂધ દોહી લે, તો પછી વાછરડી શું ધાવે ?
ગાયને ચાર આંચળ હોય છે; તેમાંથી એક વાછરડીને માટે રાખે છે.
બા, જો કેવી ઉભી પુછડી કરી વાછરડી દોડે છે!
મને એ બહુ ગમે છે.

પાઠ તેરમો


ગુલાબ



જુઓ, આ શેનું ઝાડ છે ?
એનો ગુલાબનો છોડ છે.
એની ઉપર ગુલાબનું ફૂલ છે.
બા, મને એ ફૂલ બહુ ગમે છે.
એની સુગંધ કેવી સારી છે !
એનો રંગ ગુલાબી છે.
બા, એ ફૂલ હું લઉં ?
લે, પણ જોજે કાટા વાગે નહિ.
ગુલાબના છોડને કાંટા હોય છે.
એનાં પાંદડાં નાનાં છે.
તે રંગે લીલાં છે.

પાઠ ચોદમો


કુતરો



બા, જો આ કેવો સારો કુતરો છે. એનો રંગ ધોળો છે. મામાના કુતરાનો રંગ કાળો છે. મગનને ઘેર એક કુતરી છે. તેને સાત કુરકુરીયાં છે. તેમાં એક કુતરો છે. તેનો રંગ ધોળો છે. બા, તેને આપણે ઘેર લઈ આવું ? ના હજુ એની આંખ ઉઘડી નથી. આંખ ઉઘડે પછી લાવજે. બા, હજી તો બધાં બચબચ ધાવે છે. દૂધ પીતાં આવડે પછી લાવીશું.

પાઠ પંદરમો

ઘોડો



આ ઘોડો કેવી છટાથી ઉભો છે !
એની ગરદનના વાળ કેવા સુંદર છે !
એના કાન નાના છે.
તે ઉભા રાખે છે, ત્યારે બહુજ સુંદર દેખાય છે.
એનો રંગ ધોળો છે.
એની ચામડી સુંવાળી ને ચળકતી છે.
બા, હું ઘોડે બેસું ?
ના, એ ઘોડો મોટો છે. તું નાના ટટ્ટુ પર બેસજે.
તે રંગે કાળું છે, અને તોફાની
તોફાની ઘોડાપર જે છોકરો બેસે, તે બહાદુર કહેવાય.
પણ બા, પડી જવાય
ઘોડે ચડે તે પડે પણ ખરા.
બીકણ માણસથી ઘોડે બેસાય નહિ.

પાઠ સોળમો

બિલાડી



આ બિલાડી ધોળી છે.
તેને ચાર પગ છે.
તેને પગે નખ છે.
તે તીણા હોય છે.
દિવસ કરતાં બિલાડી રાતે વધારે જોઈ શકે છે.
બિલાડી બહુ રખડે છે.
તે કદી ભૂખે મરતી નથી.
ઉંદર અને ખીસકોલીનો શકાર બિલાડી ઘણીવાર કરે છે.
બિલાડીને વાઘની માસી કહે છે; કારણ કે ઘણી બિલાડીઓ વાઘના રંગની હોય છે.

પાઠ સત્તરમો

ઇશ્વરપ્રાર્થના

ઓ ઇશ્વર ભજીએ તને,
મોટું છે તુજ નામ;
ગુણ ત ીત ગાઈએ,
થાય અમારાં કામ.
હેત લાવી હસાવ તું,
સદા રાખ દિલ સાફ;
ભૂલ કદી કરીએ અમે,
તો પ્રભુ કરજે માફ.

(બાળપોથી)

પાઠ અઢારમો

શિખામણ

પરોઢીએ નીત ઊઠીને, લેવું ઇશ્વર નામ;
દાતણ કરી નાહ્યા પછી, કરવા પાઠ તમામ.
ક માબાપનું, દો મોટાને માન;
રુને બાપ સમા ગણો, મળશે સારૂં જ્ઞાન.
જુઠું કદી ન બોલવું, તજવું આળસ અંગ;
હળીમળીને ચાલવું, રાખો સારો સંગ.

નીત જવું નિશાળમાં, ભણવું ચોડી ચિત્ત;
રુની શક્ષા માનવી, રૂડી રાખી રીત.
ખો નહિ મન રમતમાં, સમજો સારી પેર;
નિશાળમાંથી નીસરી, જવું પાસરૂં ઘેર.

(પહેલી ચોપડી)

પાઠ ઓગણીશમો

બાળકોને શિખામણ

કપડાં સાદાં ચોકખાં પહેરી
નિત્ય નિશાળે જઈએજી.
માતપિતાને વંદન કરીને
ગુરુને પાયે નમીએજી.
ભણતી વેળા ધ્યાન દઈને
પુરૂ શીખી લઈએજી.
નહિ સમજાયે ત્યાં અટકીને
પૂછી સમજી લઈએજી.
સાચું કહેતાં દુઃખ પડે કંઈ
તેથી લેશ ન ડરીએજી.
સાચાને ના આંચ કદી કંઈ
અંતે સુખીઆં થઈએજી.

કલ્યાણજી

પાઠ વીસમો

ચાંદો

હસતી ચંદા મુજને ગમે,
નદી જળે પડીને જે રમે.
ચંદા જાગે આખી રાત,
દિવસે તો સંતાડે જાત.
ચંદા ચળક ચળક તું થજે,
પછી નદીમાં ડૂબી જજે.

પાઠ એકવીસમો

વરસાદ

ઝરમર શરદ રમવા ગીત
સહુ મીઠું વરસે લેહ
મઝા ઝાઝી નાચો કરો ગાઓ

ઝરમર ઝરમર વરસે મેહ;
રમવાની લાગી છે લેહ.
શરદ તું ને વસત હું;
નાચી રમશું હું ને તું.
નાચો ગાઓ કરો મઝા;
બાએ આપી સહુને રજા.
શીરીન ગાશે મીઠાં ગીત;
શરદ વસંતની ઝાઝી પ્રીત.

પાઠ બાવીસમો

આકાશ વાદળાંથી છવાઈ ગયું છે.
મેઘ ગાજે છે, વિજળી ચમકે છે.
વરસાદ ઝરમર ઝરમર પડે છે.
ડુંગર ઉપરથી આ ઝરણું કેવું દોડે છે ?
વગડામાં હરણો આમથી તેમ નાસે છે.
વનભૂમિ મોરના ટહુકારથી ગાજી રહી છે.
આ તો મોટું ઝાપટું પડ્યું.
સઘળે ઠેકાણે પાણી પાણી થઈ રહ્યું છે.
ઝાડપાન કેવાં લીલાં ચળકતાં દેખાય છે !
બધે ઠંડક ઠડક થઈ રહી છે.
બા, આ નાની સરખી નદીમાં હું હોડી ત
મૂકી રમું ?
બેન, એ નદી નથી. એ તો વરસાદનું પાણી મોરીમાંથી વહી જાય છે, તે નદી જેવું દેખાય છે.
જા, ભાઈને કહે, તે કાગળની હોડી કરી આપશે, તે તું પાણીમાં તરાવજે.

પાઠ તેવીસમો

કાકાજીને ત્યાં હરણનું બચ્ચું છે.
તે કેવું નાનું ને રૂપાળું છે !
આપણી ગાયની વાછરડી ધોળી છે.
પણ તે તો સોના જેવા રંગનું છે.

ગાય મોટી છે ને હરણ નાનું છે.
આ ભેંસ તો બહુ મોટી જણાય છે.
એનો રંગ કાળો છે ને એને ડીલે કાદવ લાગેલો છે.
એનાં શીંગડાં કેવાં મોટાં ને ભારે છે !
મને ભેંસનું દૂધ બહુ ભાવે છે.
આ લાલ ગોધો આવ્યો એ બધાંને મારે છે.
એની પાસે કોઈ જતું નથી.
તમારા બળદનો રંગ કેવો છે ?

પાઠ ચોવીસમો

સરસ	લાલ	જાતનાં	ઘણી	ગુલાબ	પારિજાતક
ફૂલ	મને	કરેણાં	બહુએ	ધોળાં	રંગ

આ કરેણાં કેવાં સુંદર છે !
તમે ધોળાં કરેણાં જોયાં છે ?
હા, બહુએ જોયાં છે. વળી કરેણાં પીળાં પણ થાય છે.
લાલ, ધોળાં, પીળાં બધાં ભેગાં હોય તો કેવાં સરસ લાગે ?
ફૂલ કેટલી જાતનાં થતાં હશે ?
ફૂલ તો બહુ જાતનાં થાય છે.
ગુલાબ, મોગરો, જાઈ, પારિજાતક, વગેરે ઘણીએ જાતનાં થાય છે.
ગુલાબનો રંગ મને બહુ ગમે છે.

